# “આગળ વધો!”

## સ્વામી ઈશ્વરાનંદ

૩ જુલાઈ, ૧૯૭૫ના રોજ, હું ટોકિયોથી આખી રાતની હવાઈ યાત્રા કરીને ઓકલૅન્ડ સ્થિત સિદ્ધયોગ આશ્રમ પહોંચ્યો. સાંજનો સત્સંગ શરૂ થવાની તૈયારીમાં જ હતો. સત્સંગના સૂત્રધારે બધાંનું સ્વાગત કર્યું અને ‘ૐ નમઃ શિવાય’ની ધુનનો પરિચય આપ્યો.

હું ઘણો ખુશ હતો અને એ વાતની ઉત્સુકતાથી પ્રતીક્ષા કરી રહ્યો હતો કે મને પહેલીવાર બાબાજીનાં દર્શન થશે, પરંતુ એ આછા પ્રકાશવાળા હૉલમાં સંકીર્તન સાથે ઝૂમતા ઝૂમતા, જમીન પર બેઠા બેઠા જ મને ઝોકું આવી ગયું. પછી મારા મણિપૂર ચક્રમાંથી એક તેજોમય સ્વર્ણિમ પ્રકાશ ફૂટ્યો અને એની સાથે જ મારી ઊંઘ ઊડી ગઈ. મેં આંખો ખોલી અને જોયું તો બાબાજીએ તે જ સમયે હૉલમાં પ્રવેશ કર્યો હતો.

બાબાજી, હૉલના આગળના ભાગમાં સ્થિત તેમના આસન તરફ વધ્યા, આસન ગ્રહણ કર્યુ અને અમારી સાથે સંકીર્તન કરવા લાગ્યા. હું બાબાજીના સુંદર સ્વરૂપને ઝીણવટતાપૂર્વક નિહાળી રહ્યો હતો ત્યારે એક અસાધારણ ઘટના બની. બાબાજીનો ચહેરો નીલ પ્રકાશથી ઢંકાઈ ગયો અને પછી એક પછી એક ઘણી જુદીજુદી પરંપરાઓના અનેક સંતજનોના ચહેરામાં બદલાવા લાગ્યો. તેમાંના એક પાઘડી અને દાઢીમાં હતા; બીજાએ માથાનું મુંડન કરેલું હતું. એક સંત ભારતીય લાગતા હતા તો એક મંગોલિયન તથા કેટલાંક યુરોપના હતા—બધા પોતપોતાની વિશિષ્ટ વેશભૂષામાં હતા.

અંતે, ફરી પાછો એ બાબાજીનો ચહેરો થઈ ગયો અને મને હૃદયમાં એક અવાજ સંભળાયો, *તેઓ આ જ છે. તેઓ આ જ છે, મહાન બલિદાની જેમણે બધાં માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું!* મને અંતરમાં સહજ રીતે ખબર પડી ગઈ કે શ્રીગુરુનું સ્વરૂપ મારી સામે પ્રગટ કરવામાં આવી રહ્યું છે. શ્રીગુરુ એ મહાન વિભૂતિ છે જેમણે ઈશ્વર માટે પોતાનું જીવન સંપૂર્ણપણે સમર્પિત કરી દીધું છે અને આ સંસારમાં માનવતાની સેવા કરવા માટે તેઓ ઈશ્વરની કૃપાના વાહક બની ગયા છે. મને એ દર્શાવવામાં આવી રહ્યું હતું કે બાબાજી આવી જ એક વિભૂતિ છે.

તમે કલ્પના કરી જ શકો છો કે જ્યારે બાબાજીને મળવાનો સમય આવ્યો ત્યારે હું કેટલો રોમાંચિત હતો. મારી પાસે જાપાનથી લાવેલી ઘણી ભેટ હતી જે મારી સત્યની ખોજની પ્રતીક હતી અને હું તેને બાબાજીને અર્પિત કરવા જઈ રહ્યો હતો. મેં સાંભળ્યું હતું કે બાબાજી અંગ્રેજી બહુ ઓછું બોલે છે તેથી હું ઘણો ઉત્સુક હતો કે તેઓ મારી સાથે વાત કરવા માટે કયા શબ્દોનો પ્રયોગ કરશે.

હું દર્શનની લાઈનમાં ઊભો રહી ગયો અને અંતે જ્યારે બાબાજીના આસન સમક્ષ પહોંચ્યો તો મારી સાથે લાવેલી બધી ભેટો મેં દર્શનની ટોપલીમાં મૂકી દીધી. પછી મેં જાપાનમાં શીખેલી, ઔપચારિક રીતે ધીરેથી બાબાજીને નમન

કર્યા જેમાં મને સમય લાગ્યો. મારું મસ્તક જમીનને સ્પર્શ કરવાનું જ હતું કે મેં બાબાજીને જોરથી અને સ્પષ્ટ રીતે અંગ્રેજીમાં કહેતા સાંભળ્યા, "Move!" ("મૂવ" અર્થાત્ "આગળ વધો!").

હું તરત જ દર્શનની લાઈનમાંથી બહાર નીકળવાના માર્ગથી મારા સ્થાન તરફ આગળ વધ્યો અને આવીને ત્યાં બેસી ગયો. ચાલતી વખતે મેં પાછળ ફરીને બાબાજી તરફ જોયું અને વિચાર્યું, *શું ખરેખર એવું થયું છે?* બાબાજી મારી સામે જોઈને માથું હલાવી રહ્યા હતા જાણે કે મને ખાતરી કરાવી રહ્યા હોય, *હા.* મેં કહ્યું, *"Move!"* ("મૂવ").

જ્યારે હું મારા સ્થાન પર આવીને બેઠો, તો બાબાજીના શબ્દ "મૂવ"નો એક અર્થ આપમેળે જ પ્રગટ થઈ ગયો. મને મહસૂસ થયું કે જાણે બાબાજી કહી રહ્યા હતા, *હા, ગુરુના રૂપમાં હું તને લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ બતાવીશ. પરંતુ એ તારી અપેક્ષા પ્રમાણે નહીં થાય. તેથી આગળ વધ 'મૂવ'— તારી અપેક્ષાઓને છોડી દે!*

સિદ્ધયોગ પથનું અનુસરણ કરતાં કરતાં આ સુડતાલીસ વર્ષોમાં મારું જીવન ઘણું ગતિશીલ રહ્યું છે. હું જોઈ રહ્યો છું કે શરૂઆતથી જ જેમજેમ હું મારી સીમિત ધારણાઓ છોડીને શ્રીગુરુની શિખામણોને અપનાવતો રહ્યો છું, તેમતેમ હું અંધકારમાંથી પ્રકાશ તરફ દૃઢતાથી વધી રહ્યો છું, સીમિત ઓળખ અને સંકુચનના સ્થાનથી સ્વતંત્રતા, વ્યાપકતા અને આનંદના સ્થાન તરફ વધતો રહ્યો છું!

જે પ્રથમ શબ્દ બાબાજીએ મને કહ્યો હતો, "મૂવ", આજે હું તેમાં નિહિત રૂપાંતરણકારી શક્તિ અને કૃપાને જોઈ રહ્યો છું. અને હું હજી પણ આગળ વધી રહ્યો છું.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.